


થોડું સમજ, તારાં મમ્મી અને દાદી આખી રાત મંદિરમાં કૃષ્ણજન્મ મહોત્સવ ઉજવવા જતાં, તમારી જેમ હોટલમાં કેક કાપવા અને મટકી ફોડ કાર્યક્રમમાં નહોતા જતા...!

# એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ગત રોજ જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે રાસ, ગરબા, નૃત્ય, નાટક તથા શ્રીકૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૫ની વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વર્ષાબેન પટેલે કર્યું હતું. ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



આદ્યશક્તિ ચૉક, સૅક્ટર-૭ ડી ખાતે જન્માષ્ટમી નિમિત્તે આદ્યશક્તિ સાંસ્કૃતિક મંડળ દ્વારા મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# જાણીતા સાહિત્યકાર સુરેશ દલાલના નિધનથી સાહિત્ય જગતમાં ઘેરો શોક

ગાંધીનગર, તા. ૧૧

જાણીતા સાહિત્યકાર સુરેશ દલાલના નિધનથી સાહિત્ય જગતમાં ઘેરા શોકની લાગણી ઉદ્‌ભવી છે.

૧૧ ઑક્ટોબર, ૧૯૩૨ના રોજ થાણેમાં જન્મેલા સુરેશભાઈએ મુંબઈમાં રહીને એમણે નગરકાવ્યો, કવિતાનાં વિવિધ સ્વરૂપો, ગીત, સોનેટ, ગદ્યકાવ્યો અને કવિતાઓનું પણ સુંદર લેખન કર્યું છે. આ ઉપરાંત કેળવણી અને પ્રકાશન ક્ષેત્રે પણ એમનું યોગદાન કદી ન ભૂલી શકાય એટલું વિશાળ અને ઉમદા છે.

ગાંધીનગર સાથે સુરેશભાઈનો સંબંધ ઘણો જૂનો. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત સાહિત્ય પર્વ સાથે સુરેશભાઈનું નામ અભિન્ન રીતે જોડાયેલું. એમની ખોટથી નગરના સાહિત્યરસિકોને આઘાત લાગ્યો છે, એમ જણાવતાં કલ્ચરલ ફોરમના મંત્રી પ્રકાશ લાલાએ સંસ્થા અને નગર તરફથી એમને શ્રદ્ધાંજલિ પાઠવી છે.



ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દૉલત ભટ્ટ અને મંત્રી નટવર હેડાઉએ સંસ્થા તરફથી સુરેશભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું છે કે, સુરેશ દલાલના સ્વર્ગવાસથી ગુજરાતી સાહિત્યને ઘણી મોટી ખોટ પડી છે. તેઓ એક સંવેદનશીલ કવિ અને હંમેશા કંઈક નવું નવીન રીતે કરવાની તમન્નાવાળા વ્યક્તિ હતા.

છેલ્લાં ત્રણ દિવસથી ગાંધીનગરના મહેમાન બનેલા હિન્દી ફિલ્મ જગતના જાણીતા અભિનેતા પરેશ રાવલે પણ સુરેશ દલાલને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું છે કે મુંબઈ ઉપરાંત ગુજરાતના સાહિત્ય જગતને પણ એમના ગમનથી ઘણી મોટી ખોટ પડી છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ તથા કવિ ભાગ્યેશ જહા, કવિ હરિકૃષ્ણ પાઠક તથા સાહિત્યકાર કેશુભાઈ દેસાઈએ પણ સુરેશ દલાલના અવસાનથી ગુજરાતી સાહિત્ય અને ખાસ તો ગુજરાતી કવિતાને ઘણી મોટી ખોટ પડી છે એમ જણાવતાં તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ પાઠવી છે. નગરના કવિ ધ્વનિલ પારેખે તો સુરેશ દલાલના નિધનથી 'કવિતા, હવે તારું શું થશે ?' એવા શબ્દોનું ઉચ્ચારણ કરી ગુજરાતી કવિતા ક્ષેત્રમાં સુરેશ દલાલની ખોટ કદી નહીં પૂરાય એવો શોક પ્રદર્શિત કર્યો છે.

## પ્રસંગસર

- ધ્વનિલ પારેખ

## સુરેશ દલાલની વિદાય 'કવિતા' હવે તારું શું થશે ?

૧૦ ઑગષ્ટ, ૨૦૧૨; જન્માષ્ટમીનો દિવસ. બધે કૃષ્ણ જન્મ પર્વની ઉલ્લાસભેર તૈયારીઓ ચાલી રહી હતી ત્યારે કૃષ્ણપ્રિય કવિ જુદી જ તૈયારીમાં લાગી ગયા હતા., અનંતયાત્રાએ જવાની તૈયારી ! હા, વાત સુરેશ પુરુષોત્તમ દલાલની છે. જન્માષ્ટમીની સાંજે કવિતાને લાડ કરનાર કવિએ આપણી વચ્ચેથી વિદાય લીધી અને ખુદ કવિતા ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડી.

૧૧ ઑક્ટોબર, ૧૯૩૨ થાણેમાં જન્મ. સુરેશ દલાલ અને હરીન્દ્ર દવે - આ કવિ બેલડી જાણીતી. કવિતા પ્રત્યે બંનેને ઉત્કટ પ્રેમ ! એ પ્રેમ કવિતા લખવાથી શરૂ થઈને કવિતાના વિવિધ સંપાદનો, આસ્વાદો સુધી વિસ્તર્યો ! કાવ્ય સર્જન અને કાવ્યાસ્વાદ આ સુરેશભાઈની અત્યંત ગમતી પ્રવૃત્તિઓ અને એ પ્રવૃત્તિઓ અંત સુધી એમણે ચાલુ રાખી હતી. કવિતા ઉપરાંત નિબંધ પણ એમને હાથવગો. 'મારી બારીએથી'માં એમણે કંઈ કેટલાયે પ્રકારની સૃષ્ટિ આપણી સામે તાદશ કરી. પણ મૂળે જીવ કવિતાનો -

'લીલ લપાઈ બેઠી જળને તળિયે, સૂરજમુખીને થયું લાવ જઈને મળીએ.'

આ ગીત રચના સુરેશભાઈની કવિ તરીકેની વિશિષ્ટ રચના છે. કૃષ્ણકવિતા પણ એમની કવિતાધારાનો એક વિશેષ છે -

'તવ મંદિરનો ઝળહળ દીવો; હું જ ઝરૂખો, બારી ! મને તમારા મોરપિચ્છથી શણગારો, ગિરધારી !'

કે પછી અત્યંત જાણીતી રચના - 'રાધાનું નામ તમે વાંસળીના સૂરમાં વ્હેતું ના મેલો, ઘનશ્યામ ! સાંજ ને સવાર નિત નિંદા કરે છે ઘેલું ઘેલું રે ગોકુળિયું ગામ !'

મુંબઈમાં રહીને એમણે નગરકાવ્યો પણ લખ્યાં. કવિતાનાં વિવિધ સ્વરૂપો, ગીત, સોનેટ, ગદ્યકાવ્યો અજમાવ્યાં પણ ગીત એમને વિશેષ અનુકૂળ. કવિતા વિશે પોતે માને છે, 'કવિતા આમ તો ત્રણ અક્ષરનો શબ્દ પણ મારા માટે ત્રિભુવન. જીવન સ્વયમ્ કવિતા છે અને કવિતા સ્વયમ્ જીવન છે. ઈશ્વરે મને જીવન આપ્યું અને કવિતાએ મને જીવંત રાખ્યો.'

કવિતા વડે ટકનાર આ કવિએ વિપુલ માત્રામાં કવિતાઓ લખી છે. દીર્ઘકાળ પર્યંત કવિતાની સાધના કરવા બદલ એમને આદ્યકવિ નરસિંહ મહેતા એવોર્ડ મળ્યો હતો. 'અખંડ ઝાલર વાગે' કાવ્યસંગ્રહને ૨૦૦૫માં અકાદમી, નવી દિલ્હીનું પારિતોષિક મળ્યું હતું. ઉપરાંત, ઘણા સન્માનો પણ તેમણે પ્રાપ્ત કર્યા હતા. કવિતા લખવા ઉપરાંત સંપાદક અને અનુવાદક સુરેશ દલાલનું પણ મોટું પ્રદાન રહ્યું છે. 'કાવ્ય વિશ્વ' એ અનવાદક-સંપાદક સુરેશ દલાલનું પ્રશસ્ય કાર્ય છે. વિશ્વની ઉત્તમ કવિતાઓનો આ સંગ્રહ છે. વિશ્વની ઉત્તમ કવયિત્રિઓનાં કાવ્યનાં અનુવાદ-સંપાદન, વિશ્વનાં ઉત્તમ પ્રણય કાવ્યોનું એવું જ કાર્ય. 'લાગી કટારી પ્રેમની' - એમની અનુવાદ અને સંપાદન પ્રવૃત્તિનાં મહત્ત્વનાં કાર્યો છે. 'મનોહર છે તો પણ' - સુનીતા દેશપાંડેની આત્મકથાના અનુવાદ માટે પણ એમને સાહિત્ય અકાદમી, નવી દિલ્હીનું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. આ પ્રવૃત્તિ પણ એમણે વિપુલ માત્રામાં કરી છે. 'લાગી કટારી પ્રેમની'ની પ્રસ્તાવનામાં એ કવિતા સંદર્ભે મહત્ત્વની વાત કરે છે, 'કોઈ પણ કાવ્યની કસોટી એની પંક્તિઓની સંખ્યા પર નહીં પણ એ સંખ્યાની કાવ્યમય સાર્થકતા પર નિર્ભર હોય છે. આ પ્રેમકાવ્ય છે કે પ્રેમ વિશેનું કાવ્ય છે કે આ વિરહકાવ્ય નહીં પણ વિરહને નિમિત્તે કાવ્યમય પ્રવાસ છે એમ ઓળખપટ્ટીઓ મારવાથી ઝાઝો ફેર પડતો નથી. મૂળ વાત તો વાંચતાની સાથે ભાવક તરીકે તમને પ્રેમકાવ્યની કેટલી ઊંડી અનુભૂતિ થાય છે એ જ મહત્ત્વની વાત છે.' સુરેશ દલાલ કાવ્યના કેટલા મોટા આસ્વાદક છે એ વાતની પ્રતીતિ અહીં થાય છે.

કેળવણી ક્ષેત્રે પણ એમણે મહત્ત્વનું કામ કર્યું છે. એસએનડીટી યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે એમણે ગુજરાતી વિભાગની એક અલગ ઓળખ ઊભીકરી હતી. વિભાગ દ્વારા કરવામાં આવેલા પ્રકાશનોએ પણ વિદ્યાજગતમાં વિભાગની અલગ ઓળખ ઊભી કરી હતી. એમએસ યુનિવર્સિટીના કુલપતિ તરીકે ખુમારીથી રાજીનામું ધરી દીધું હતું. (હવે મળશે આવા કુલપતિ ?) શિક્ષણની સતત એમણે ખેવના રાખી છે અને આજે જે કંઈ પણ શિક્ષણ ક્ષેત્રે ચાલી રહ્યું છે એની સામે કટાક્ષ પણ પ્રગટ કર્યો છે, 'ભણનાર અને ભણાવનાર સામસામે ઘુવડ જેવા બેઠા છે. કરુણતા એ છે કે જેમને ભણવું નથી એમને ભણાવવાના છે અને ભણાવનાર અભણ છે.'

કવિતાના પ્રચાર-પ્રસાર માટે એમણે જે કર્યું છે એની તુલના થઈ શકે એમ નથી. ઈમેજ પબ્લિકેશન્સના પુસ્તકોએ ગુજરાતી પ્રકાશન પ્રવૃત્તિની દિશા બદલી નાંખી છે. આકર્ષક મુખપૃ્ઠ અને પુસ્તકની સજાવટ વાચકને પોતાતના પ્રત્યે આકર્ષે છે. સામાન્ય વાચકનું પુસ્તક પ્રત્યે આકર્ષણ વધે એવા બધા જ પ્રયત્નો એમણે કર્યા. મહત્ત્વના પુસ્તકોના જુદા જુદા શહેરોમાં મંગલ પ્રકાશનો કરીને એ નિમિત્તે વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને લોકોને આવા કાર્યક્રમો અને આવા પુસ્તકો પ્રત્યે આકર્ષિત કર્યા. 'કાવ્ય વિશ્વ'નું મંગલ પ્રકાશન અમિતાભ બચ્ચનના હસ્તે કરવાવ્યું હતું અને આ કામ સુરેશ દલાલ જ કરી શકે !

કવિ, અનુવાદક, સંપાદક, નિબંધકાર, પ્રકાશક સુરેશ દલાલના વિવિધ ચહેરા છે પણ એ બધામાં સૌથી તેજસ્વી ચહેરો કવિ-ભાવકનો રહ્યો છે. 'કવિતા' સામયિકનું વર્ષોથી સાતત્યપૂર્ણ પ્રકાશન અને એમાંથી બહાર પડેલા કેટલાયે નવકવિઓ હવે તો સિદ્ધહસ્ત કવિઓ થઈ ગયા છે. આ પ્રદાન પણ કંઈ નાનુસૂનું નથી. કવિતાને એમણે કંઈ કેટલીયે રીતે લાડ લડાવ્યા છે. સુરેશભાઈ, તમારા જવાથી અમારું શું એવું નથી પૂછતો પણ એમ પૂછું છું કે કવિતા ! હવે તારું શું થશે ?

# મારી સાથે છેવટ સુધી ચાલે એવું કોઈ નથી મારી સાથે છેવટ સુધી બોલે તેવુ કોઈ નથી

(જય ઓઝા દ્વારા)

ગાંધીનગર, તા. ૧૧

સુ.દ, સુરેશ દલાલ.. ગુજરાતી કાવ્ય જગતનો એક ઝમગતો સિતારો ૧૦ઓગસ્ટના રોજ ખરી પડ્યો...

કવિશ્રી સુરેશ દલાલને કયો સાહિત્ય પ્રેમી નહીં ઓળખતો હોય ? કવિતાને જન સામાન્ય સુધી પહોંચાડવાનું શ્રેય જો કોઈને આપવાનું હોય તો સુરેશ દલાલને આપવું જોઈએ..

ગુજરાતી કાવ્ય, ગીતમાં તો તેમનું સ્થાન મોખરે જ છે, પરંતુ, વિશ્વની કવિતાઓને આપણી સાથે શૅર કરીને તેમણે ગુજરાતી સાહિત્યની ઉત્તમ સેવા કરી છે.

સુરેશ દલાલની આંતરરાષ્ટ્રીય કવિતાઓના અનુવાદ દ્વારા આજની પેઢી, કમિંગ્ઝ, કોસ્ટર, જેનિફર, વુડ્ઝવર્થ, કીથને જેટલા ઓળખી શકી છે. તેટલા બીજા કોઈ ગુજરાતી કવિ દ્વારા ઓળખી શકી નથી.

૧૧-૧૦-૧૯૩૨ના રોજ, મહારાષ્ટ્રમાં થાણેમાં તેમનો જન્મ થયો. ૧૯૫૩માં ગુજરાતી વિષય સાથે બી.એ. થયા. ૧૯૫૫માં એમ.એ. અને ૧૯૬૯માં પી.એચ.ડી. ૧૯૭૩થી નિવૃત્તિ સમય સુધી એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીમાં ગુજરાતીના અધ્યક્ષ રહ્યા. 'કવિતા' માસિકના સંપાદક ૧૯૮૩માં, રણજીતરામ સુવર્ણ ચંદ્રક તથા ૨૦૦૫માં સાહિત્ય અકાદમી એવોર્ડ મળ્યો. 'એકાન્ત', 'તારીખનું ઘર', 'અસ્તિત્વ', 'નામ લખી દઉં', 'હસ્તાક્ષર', 'સિમ્ફની', 'રોમાંચ', 'સાતત્ય', 'પિરામિડ', 'રિયાઝ વિસંગતિ', 'એક અનામી નદી', 'ઘટના', 'કોઈ રસ્તાની ધારે ધારે', જેવા કેટલાય કાવ્યસંગ્રહો તેમના નામે છે.

'પિનકુશન' નામક એક વાર્તા સંગ્રહ પણ તેમણે આપ્યો છે.

બાળ કાવ્ય સંગ્રહ 'ઈટ્ટાકિટ્ટા', 'ધીંગામસ્તી', 'અલક ચલાણું', 'ટિંગા ટોળી'. કાવ્ય વિવેચનના તેઓ મહારથી હતા. કેટકેટલું સુંદર સાહિત્ય, સુંદર રચનાઓ ગુજરાતી સાહિત્યમાં, વિશ્વ સાહિત્યમાં છુપાયેલું પડ્યું છે. તે તમામ રચનાઓને આપણી સમક્ષ મૂકીને તેમનો રસાસ્વાદ કરાવીને લગભગ દરેક ગુજરાતી ભાવકને કવિતાના ઘેલા કરી મૂકવાનું શ્રેય સુરેશ દલાલને જાય છએ. તેમની જ રચના દ્વારા તેમને શ્રદ્ધાંજલી અર્પીએ... શરીર નાશવંત છે.. પરંતુ કવિ તેની કવિતાઓ અને ગીત દ્વારા સદાય અમર હોય છે.

મારી સાથે છેવટ સુધી ચાલે એવું કોઈ નથી, એક રસ્તો છે..
મારી સાથે છેવટ સુધી બોલે તેવુ કોઈ નથી, એક દર્પણ છે..
મારી સાથે છેવટ સુધી ગાય તેવુ કોઈ નથી, એક મૌન જ છે..
મારી સાથે છેવટ સુધી રુએ એવુ કોઈ નથી, આ આંખો છે..
મારી સાથે છેવટ સુધી સુએ એવુ કોઈ નથી, એકલતા છે..

# ગાંધીનગર જિલ્લા પુસ્તકાલય ખાતે પુસ્તક મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૧

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સરકારી જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. રામકૃષ્ણ મિશન સંસ્થાના સ્વામી વિવેકાનંદના તથા ઈતર પુસ્તકો વેચાણાર્થે મુકવામાં આવ્યા હતા.

પુસ્તક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગ્રંથાલય નિયામક પ્રદિપ આઝાદના વરદ હસ્તે રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના ગ્રંથપાલ દિલીપ શાહ અને રામકૃષ્ણ મિશન વિવેકાનંદ કેન્દ્રના અધ્યક્ષ રજનીકાન્ત ભટ્ટે તથા ગ્રંથપાલ દિનેશ દવે, જયરામ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સાહિત્યકારો કેશુભાઈ દેસાઈ, નટવર હેડાઉ, કિશોર જીકાદરા અને ડૉ. અંબાલાલ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. ભરતભાઈ કવિ અને વિવિધ શાળાના બાળકો ખાસ હાજર રહ્યા હતા. સાંજના ૫ કલાકે બાળકો માટે વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી.

સ્પર્ધામાં ૮૦ જેટલા બાળકો આવ્યા હતા. બાળકોએ સ્વામી વિવેકાનંદજી ઉપર પોતાના વિચારો રજુ કર્યા હતા. સુંદર વિચારો રજૂ કરનાર વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબર શ્રોફ લિપ્સા મુકેશભાઈ, દ્વીતીય નંબર વાળંદ નિયતિ હર્ષદભાઈ અને તૃતીય નંબરે આચાર્ય સિદ્ધિ કમલેશભાઈ વિજય બન્યા હતા. વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. બાળકોમાં સ્વામી વિવેકાનંદજીના ઉમદા વિચારો જોવામાં આવતા હતા. તમામ બાળકોએ જીવનમાં સારા અને શ્રેષ્ઠ બનવા સંકલ્પ લીધો હતો. સંકલ્પ પત્ર ભરીને લાયબ્રેરીમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. હિનાબેન પટેલ આચાર્ય એમ.એમ. પટેલ, મહિલા કોલેજ કડી તેમજ વિવેક કાપડીયા ઉપસ્થિત રહી સહકાર આપ્યો હતો.

રામકૃષ્ણ મિશન ગાંધીનગરના અધ્યક્ષ રજનીકાન્ત ભટ્ટનો સ્વામી વિવેકાનંદજીના જીવન ચરીત્ર ઉપર વિચાર ગોષ્ઠીનો સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ૬૦ જેટલા નગરજનોએ લાભ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. રજનીકાન્ત ભટ્ટ આ વિષયના ખૂબ જ ઉંડા અભ્યાસ માલુમ પડ્યો હતો. તેમના વિચારો ખૂબ જ જીવનમાં ઉપયોગી નિવડે તેવા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયશ્રી ખેતીયાએ કર્યું હતું.

# રાષ્ટ્રકક્ષાએ ટીમનું નેતૃત્વ કરતા વલાસણ હાઈસ્કૂલના નવ ખેલાડીઓનું સન્માન




ગાંધીનગર, તા.૧૧

ડી.એસ. પટેલ હાઈસ્કૂલ, ટી.જે. ઈનામદાર અને સી.જે. ઈનામદાર ઉચ્ચતર માધ્યમિક શાળા, વલાસણના ખેલાડી ભાઈ-બહેનોએ રાષ્ટ્રકક્ષાએ વિવિધ રમતોમાં રાજયની નવ ટીમોના કેપ્ટન બની જિલ્લાનું તેમજ રાજયનું રાષ્ટ્ર કક્ષાએ નામ રોશન કર્યું હતું. જે બદલ મંત્રી જયનારાયણભાઈ વ્યાસે ખેલાડીઓને ઈનામ આપી સન્માનીત કર્યા હતા.

બાકરોલના રામપુરા મુકામે યોજાયેલા સ્પોર્ટસ સંકુલના ખાતમુહૂર્ત અને અનાવરણ વિધિ પ્રસંગે ડી.એસ. પટેલ હાઈસ્કૂલના હિરેનકુમાર કટકીયા, રશ્મિકાબેન વાઘેલા, સુધાબેન સોલંકી, અસ્મિતાબેન વાઘેલા, અનિલકુમાર પરમાર, મીનાબેન માવી, મોનાબેન પરમાર, કિરણબેન વાઘેલા અને અનિલકુમાર પરમારનું અનુક્રમે ગ્રામિણ હેન્ડબોલ, મહિલા હેન્ડબોલ, બાળ સોફટબોલ, અંડર-૧૭ સોફટબોલ, શાળાકીય સોફટબોલ, બાળ બેઝબોલ, અંડર-૧૭ બેઝબોલ, શાળાકીય બેઝબોલ સ્પર્ધામાં રાષ્ટ્ર કક્ષા સ્પર્ધામાં રાજયની ટીમના કેપ્ટન બની શાળા, જિલ્લા અને રાજયનું નામ રોશન કરવા બદલ સન્માનીત કરવામાં આવ્યા હતાં.

# લાગણીનો સરવાળો અને અહમની બાદબાકી એટલે ક્રિષ્ના વૃધ્ધાશ્રમના રાજેશ ભટ્ટ



## આગવો માણસ - આપણો માણસ

- કિશોર જીકાદરા

આ દુનિયામાં સાહસિકોનો તોટો નથી પણ હું જે સાહસિકની વાત કરવા જઈ રહ્યો છું તેનો ગાંધીનગરમાં જોટો જડે તેમ નથી. આ માણસ કદી નફા-નુકસાનનો વિચાર કરતો નથી. ૧૯૯૭માં એણે એક ગાંડું સાહસ કર્યું અને એ સાહસ પાછળ એણે દીલથી સઘળી દોલત દાવ લગાડી દીધી! સાગર જેવું હૈયું અને હિમાલય જેવી હામ સાથે આ માણસે આંધળુકિયાં કર્યાં. ચોકસાઈપૂર્વકના ગણિત કરતાં આંધળુકિયાં કેટલીક વાર સારા પરિણાણ આપે છે. અલબત્ત આ કિસ્સામાં પણ પરિણામ તો સુંદર જ પ્રાપ્ત થયું છે છતાં દુઃખ એ વાતનું છે કે, આપણે તેમના સાહસનું ઉજ્જવળ ભવિષ્ય ઈચ્છી શકીએ તેમ નથી.! તમે જ કહો, કયો સજ્જન ઈચ્છે કે વૃદ્ધાશ્રમોનો ઉત્તરોત્તર વિકાસ થાય ?આપણે સૌ જાણીએ છીએ કે વૃદ્ધાશ્રમોએ કહેવાતા ભદ્ર સમાજના ભાલે ચોંટેલા કલંક સમાન છે, સંસ્કૃતિના પતનની નિશાની છે છતાં કડવી વાસ્તવિકતા એ છે કે વર્તમાન સમયમાં વૃદ્ધાશ્રમો પણ અનિવાર્ય બની રહ્યા છે. એ દુઃખની વાત છે તે વૃદ્ધાશ્રમો સરકારી ઈસ્પિતાલ જેટલા જ જરૂરી થઈ રહ્યા છે. કહેવાતા વિચારકો કે સમાજ સુધારકો આ દિશામાં કરી કરીને શું કરી શકે ? બહુ બહુ તો દુઃખી હૃદયે બે ઉના ઉના નિસાસા નાંખી શકે ! પણ દુઃખની વાતો કરીને બેસી રહેવાને બદલે એ દુઃખને જ ગળે વળગાડી લેવાનું ગાંડું સાહસ તો કોઈ રાજેશ ભટ્ટ જેવો ભડવીર જ કરી શકે ! રાજેશ ભટ્ટ ગાંધીનગરના સેકટર-૬માં કર્મફાલ્ય ટ્રસ્ટ દ્વારા ચાલતા ક્રિષ્ના વૃદ્ધાશ્રમના સ્થાપક સંચાલક છે. આજે મારે આ ભડવીર વિષે બેચાર વાતો અહીં લખવી છે.

તે સમયના મહેસાણા જિલ્લાના કલોલ તાલુકાના એક અતિપછાત એવા નાનકડા ગામ ધાનજમાં ૧૯૫૭ના ઓગસ્ટ માસની એકવીસમી તારીખે તેમનો જન્મ. પિતાજી ગામની પ્રાથમિક શાળાના આચાર્ય. લોકચાહના એટલી તો જબ્બર હતી કે તેમના મૃત્યુ પછી આખા ધાનજ ગામે છ દિવસનો શોક પાળ્યો ! ચાર ભાઈ અને એક બહેનના પરિવારમાં રાજેશભાઈ સૌથી નાના. હથેળીમાં અભ્યાસની રેખા બહુ લાંબી નહીં. કોલેજનું એક વર્ષ પૂરું કરીને અમદાવાદની રૂસ્તમ મિલમાં નોકરી લીધી. મિલ બંધ પડી એટલે આવ્યા ગાંધીનગર! જી.આઈ.ડી.સી.ની એક ઈલેકટ્રોનિકસ કંપનીમાં નોકરી લીધી. ૧૯૮૭નીએ સાલ. બધઉં ઠીકઠાક ચાલતું હતું. પણ એક નાનકડા બનાવે રાજેશભાઈના જીવનનો સમૂળગો રાહ જ બદલી નાંખ્યો. તે દિવસે કંપનીમાં સફાઈ કામદાર ન આવ્યો. રાજેશભાઈએ એમ.ડી.ને ફરિયાદ કરી. એમ.ડી.એ કહ્યું કે, 'કયારેક આ કામ આપણે જાતે જ કરી લઈએ તો કેવું?' એમ.ડી.ના ઉત્તરમાં સમસ્યાનો ઉકેલ હતો કે કટાક્ષ હતો એ સ્પષ્ટ ન થયું પણ કાળજે તીર વાગ્યની તમતમતી વેદના રાજેશભાઈએ ચોક્કસ અનુભવી પરંતુ, સમય સાચવી લીધો. સાફસફાઈ કરી દીધી, જાજરૂ પણ સાફ કરી દીધાં પણ એક વિચાર મનમાં સતત ઘુમરાતો રહ્યો, 'અરેરે... આ તો કેવી મજબૂરી ? બ્રાહ્મણનું ખોળિયું અને આવું કામ ?' એક યક્ષપ્રશ્ન રાજેશભાઈને મૂંઝવી રહ્યો. છાતી કાઢીને જીવી શકાય, ખુમારી અકબંધ રહે છતાં સમાજસેવા કરવાનો સંતોષ પ્રાપ્ત થાય તેવી પ્રવૃત્તિઓ તરફ દ્દષ્ટિ દોડાવવાનું શરૂ થયું. અનાથાશ્રમ કે મંદબુદ્ધિના બાળકોની સંસ્થા શરૂ કરવાનો વિચાર થયો. વળી થયું કે, આ તો નાના બાળકો ઉપર મોટાએ રાજ કર્યું તેવું કહેવાશે. વરિષ્ઠોની સાથે રહીને જો વરિષ્ઠોને સાચવી જાણીએ તો ખરાં કહેવાઈએ! વિચાર મગ્ન અવસ્થામાં ચાલતાં ચાલતાં તેઓ બગીચામાં પહોંચી ગયા. બગીચામાં એક બાંકડા પર બેસીને પાંચ સાત વૃદ્ધો પોતાના સુખ-દુખની વાતો કરી રહ્યા હતા. સંતાનો તરફથી તિરસ્કૃત અને વિવિધ પારિવારિક વિટંબણાઓમાં અટવાયેલા વૃદ્ધો પરસ્પર હૂંફ અને સધિયારો મેળવી રહ્યા હતા. તે દૃશ્ય જોઈને રાજેશભાઈનું કોમળ હૃદય દ્રવી ઊઠ્યું. સંબંધોની ઠંડીગાર મોસમમાં ઉષ્માના હૂંફાળા અવતાર સમા રાજેશ ભટ્ટના દિમાગમાં એક વિજળી ચમતી. વૃદ્ધાશ્રમ શરૂ કરું તો ? વિચારને અમલમાં મૂકતા પહેલાં બે ચાર વૃધ્ધાશ્રમોની મુલાકાતો પણ લીધી. નિરાધાર વૃધ્ધોના લાચાર ચહેરા પરની કરચલીયુક્ત લિપિમાં લખાયેલી વેદના વાંચી. અર્થઉપાર્જનની ત્રિરાશિ માંડવાનું રાજેશભાઈને કદી ફાવ્યું નહોતું. તેઓ શીખ્યા હતા કેવળ લાગણીના સરવાળા અને અહમની બાદબાકી ! પાસે મોટી મૂડી તો નહોતી પણ વૃધ્ધોની સેવા કરવાનો મોકો તેને કોઈકાળે ચૂકવો નહોતો. કર્મયોગનો સિધ્ધાંત સમજાવતા શ્રીકૃષ્ણના નામ પરથી ક્રિશ્ના વૃધ્ધાશ્રમ નામ નક્કી થયું. શરૂઆતમાં પ્રતિમાસ પાંચ હજાર રૂપિયાના ભાડાથી એક ખાનગી મકાનમાં વૃધ્ધાશ્રમના શ્રીગણેશ કર્યા ત્યારે બાર જેટલા નિરાધાર, નિઃસહાય, તિરસ્કૃત, ઉપેક્ષિત, અશક્ત કે એકાકી વૃધ્ધોએ તેમાં રહેવાનું પસંદ કર્યું. હાલ ક્રિશ્ના વૃધ્ધાશ્રમમાં ત્રીસ વૃધ્ધ સ્ત્રી-પુરુષો આશ્રય લઈ રહ્યા છે. રૂા. ૯૬૦ના માસિક ભાડાથી ચાર સરકારી ક્વાર્ટર્સમાં વિનામૂલ્યે ચાલતા આ વૃધ્ધાશ્રમમાં કેવળ ગરીબ અને નિરાધાર વૃધ્ધોને જ આશ્રય અપાય છે. ખર્ચની જોગવાઈ માટે રાજેશભાઈ ગાંધીનગર અને અન્ય

• અનુસંધાન છઠ્ઠા પાને